સ્વર્ણિમ ગુજરાત 1960-2010

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૧   અંક : ૬   જાન્યુઆરી ૨૦૧૧   પોષ ૨૦૬૭   સળંગ અંક : ૨૨૭

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## Editorial

### Technology: The need to enslavement

The last decade of last century and the first decade of this century have been the decades of Technological Innovations never witnessed by mankind earlier. We have been the beneficiaries of great developments taken place in several areas of science and technology, which has directly or indirectly affected our life styles. Mentioning a few specifically are advances in the field of electronics and communication, viz. Internet, Satellite TV, Mobile Phones etc. These modern day inventions have given us gadgets, which do complicate things in simple ways, we thought miracle once upon a time. The essence of things that has simplified life manifold and provided comforts is a subject of debate, whether a boon or a bane.

***The need:*** A common answer to the question whether we need these gadgets would be yes. Most people exclaiming further, saying, "Of course, Yes"! How can we live without it? At this juncture it leaves us thinking as to how did we manage to live without them for all these years. The thought is suppressed as soon as it emerges by justifying its need to the contribution it makes to the fast pace of life. It is impossible to imagine living in the modern world like we lived 10-15 years ago.

***A habit:*** Habit refers to an acquired pattern of behaviour that often occurs automatically. In context to the subject being discussed, are we getting habituated to these gadgets and facilities, or the changes they force into our lives? One may fail to answer this apparently, but it is true that we are slowly and subtly getting habituated to this modern life style. A few questions may help us to arrive at the true answer. Do you sleep with your mobile phone besides your pillow? Do you check emails or browse through net, extensively? Do you sit in front of TV for long hours and watch anything that is shown? Do you send and receive countless sense or nonsense messages on your cellphone? Orkut of facebook are some recent activities that keep us unnecessarily busy. Do you engage in it? If any of the answer to these questions is yes - then you have already formed a habit. You may not visualise it because you are right inside it, but if you take a step out of it and analyse, it may be realised.

***Addiction:*** Addiction can be a continued involvement with a substance or activity despite the negative consequences associated with it, or a kind of abnormal psychological dependency on it. What may be a habit today may become an addiction tomorrow. In fact it has become an addiction for some, especially the youngsters. If a break in the sleep in the middle of night is taken as an opportunity to check and send email or chat, then it may be a sign of addiction. It is a general observation that there is an indiscriminate use of the technology going on in the youth. The younger children, are totally aware and eager, and waiting for their time to come to jump into it. Overall, everyone including the parents and teachers, agree to this but have few ideas to prevent it. The actions taken are limited to banning the use of cell phones or internet in schools and colleges and satellite TV at home, which has hardly made any difference. The addiction and attraction continue to grow.

***Enslavement:*** Slavery is employment of people against their will. The indiscriminate use of technology due to decrease in cost and affordability, and easy accessibility of these facilities is pushing us towards enslavement. Ten years ago internet was available only at the cyber café, and their numbers were limited. The cost of an incoming call on a cell phone was ₹ 3 and outgoing call was ₹ 6. Things have changed, the kind of schemes arising out of cut-throat competitions between companies have resulted into an encouragement which says, "don't think, just enjoy". We are living in an era of decreasing rates on talk time and increasing rates of time itself, 'The phone is free but time

*continued on page 5...*

## Teaching - Learning

➢ **કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગરા** અને **અનુસ્નાતક હિન્દી વિભાગ**ના સંયુકત ઉપક્રમે હિન્દી વિભાગમાં તા. ૨૭-૨૮ ડિસેમ્બર, ૨૦૧૦ના દિવસોએ '**પ્રૌદ્યોગિકી ઔર ભાષા શિક્ષણ : ચુનૌતિયાં ઔર સમસ્યાએ**' વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઇ ગયો. એનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢના હસ્તે થયું. ડૉ. પાઢે આજના યુગમાં પ્રૌદ્યોગિકી અને ભાષાના સમન્વયની ચર્ચા કરી વારંવાર આવા આયોજનો માટે હાકલ કરી હતી. વિષય તજ્‌જ્ઞો તરીકે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ડૉ. રામગોપાલ સિંહ તેમજ પ્રો. માલતી દુબે હાજર રહ્યા હતા. પરિસંવાદમાં ૩૦ જેટલાં શોધપત્રો રજૂ કરાયા હતા. સંયોજક તરીકે હિન્દી વિભાગના ડૉ. દયાશંકર ત્રિપાઠી અને ડૉ. કમલેશભાઇ ત્રિવેદીએ સેવાઓ આપી હતી. પરિસંવાદના વિવિધ સત્રોનું સંચાલન ડૉ. મદનમોહન શર્મા, ડૉ. પોપટભાઇ ભોઈ અને ડૉ. હસમુખભાઇ પરમારે કર્યું હતું. વિભાગના વડાશ્રી ડૉ. નવનીત ચૌહાણે સ્વાગત તેમજ ડૉ. કમલેશભાઇ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રતિભાગીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. સમાપન સત્ર દરમ્યાન પ્રતિભાગીઓ ઉપરાંત હિન્દી વિભાગમાં આયોજીત વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્પર્ધકોને પણ પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. કેન્દ્રીય હિન્દી સંસ્થાનના અમદાવાદ કેન્દ્રના અધિકારીઓ પ્રો. મીરા સરીન તેમજ ડૉ. સુનીલ પરિસંવાદમાં હાજર રહ્યા હતા.

➢ **P. G. Department of Business Studies,** Sardar Patel University organized three days state level workshop on "**Research Methodology in Commerce and Management**" during 2-4 December, 2010 under UGC's merge scheme. This workshop was inaugurated by Honourable Vice-Chancellor of our University Dr. Harish Padh, Prof. A. C. Brahmbhatt-Nirma Institute of Management and Workshop Director Dr. P. K. Rathod, Professor and Head of Business Studies Department. Total 67 participants across the various parts of Gujarat state participated in this workshop. There were lots of practical exercises, assignments and group activities during three days, divided into 11 sessions. Last day was kept for Data Analysis and Interpretation with the help of SPSS and Excel. The workshop successfully coordinated by Dr. Raju M. Rathod and Dr. Y. M. Dalvadi.

## Extension

➢ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદમાં તા. ૨૨ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ "**સહસ્ત્રાબ્દિ વિકાસાત્મક ધ્યેય**" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજનાં અધ્યાપિકા કુ. રચના પરમારે કર્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન જય વસાવડા હતા.

પરિસંવાદના કો-ઓર્ડિનેટર કોલેજના પ્રા. શ્રીમતી અસ્મિતાબેન પટેલે સહસ્ત્રાબ્દિ વિકાસાત્મક ધ્યેય વિષયની વિસ્તૃત માહિતી આપી હતી. વિશ્વના ૧૯૨ દેશોએ યુનાઇટેડ નેશન્સ દ્વારા નક્કી કરેલા કુલ આઠ લક્ષ્યાંકો - ૧. અત્યંત ગરીબી અને ભૂખમરાને દૂર કરવા, ૨. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવું, ૩. જાતીય સમાનતા અને સ્ત્રી સશક્તિકરણને વેગ આપવો, ૪. બાળ અપમૃત્યુનું પ્રમાણ ઘટાડવું. ૫. પ્રસૂતા સ્વાસ્થ્ય સુધારણા, ૬. એચ.આઇ.વી. એઇડ્સ, મેલેરીયા અને અન્ય રોગો સામે લડત, ૭. પર્યાવરણ જાળવણી, ૮. વિકાસ માટે વૈશ્વિક ભાગીદારી વિકસાવવી છે. આ ધ્યેય ૨૦૧૫ સુધીમાં પ્રાપ્ત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પરિસંવાદમાં ભાગ લેનાર પ્રતિયોગીઓના ૧૨ વિભાગ પાડવામાં આવ્યા હતા. જેમાં પ્રત્યેક વિભાગમાં ચેરપર્સન તથા રિપોર્ટર સમક્ષ પ્રતિયોગીઓએ સહસ્ત્રાબ્દિ વિકાસાત્મક ધ્યેયો અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જે અંગે ચર્ચામાં ચેરપર્સન તરીકે ડૉ. કે. એસ. લીખીયા, ડૉ. ડાહ્યાભાઇ પટેલ, ડૉ. આરતીબેન કસ્વેકર, ડૉ. લાલજીભાઇ પટેલ, ડૉ. રીટા નિર્મલ, ડૉ. જગદીશ મહિડા, શ્રીમતી મનિષા મેકવાન ભાગીદાર રહ્યા હતા. કુલ ૧૫૬ પ્રતિયોગીઓએ આ પરિસંવાદમાં પેપર દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ પૂર્ણાહૂતિ સમારંભ યોજવામાં આવ્યો, જેમાં મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીનાં ડીપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનાં વડા ડૉ. મહેશભાઇ યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા.

➢ પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુર, **અનુસ્નાતક હિન્દી વિભાગ,** ચારુતર વિદ્યામંડળ અને નગરપાલિકા, વલ્લભ વિદ્યાનગરના સંયુકત ઉપક્રમે આયોજીત **નાટ્યમહોત્સવ**નું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હરીશ પાઢના હસ્તે થયું. આ મહોત્સવમાં રમા મનુભાઇ દેસાઇ મ્યુઝીક-ડાન્સ કોલેજના મંચ ઉપર ૩જી ડિસેમ્બરથી ૫મી ડિસેમ્બર, ૨૦૧૦ સુધી કુલ ત્રણ નાટ્ય પ્રસ્તુતિ કરાઇ હતી. જે કુલપતિ સહિત રંગપ્રેમી પ્રેક્ષકોએ નિહાળી હતી. ક્ષિપ્રા સાંસ્કૃતિક મંચ, ઉજ્જૈનની પ્રસ્તુતિ 'વિઠ્ઠલા', અમદાવાદ થિયેટર ગ્રુપની પ્રસ્તુતિ

'ચક્રથી ચરખા સુધી', તેમજ નાટ્ય વિભાગ, રાજસ્થાન યુનિવર્સિટી જયપુર તરફથી 'જજબા' નાટક રજૂ કરાયું હતું. મહોત્સવના સમાપન ટાણે હિન્દી વિભાગના વડાશ્રી ડૉ. નવનીત ચૌહાણ તેમજ નાટ્ય પ્રશિક્ષક ડૉ. કિરણ ભોકરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢે મહોત્સવની પ્રસ્તુતિઓને બિરદાવી હતી.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ**માં તા. ૨૨-૧૨-૨૦૧૦ના રોજ ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઇઝ (મુંબઇ)ના સહયોગથી **શ્રી એ.ડી. શ્રોફ મેમોરીઅલ ઇલોક્યુશન**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઇલોક્યુશનમાં કોલેજના ૧૦ વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા, જેમાં નીચેના ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં.

૧) જુવિન જે. અબ્રાહમ - ટી.વાય.બી.બી.એ. - રૂા. ૧૨૫૦/-

૨) ભૌમિક શુક્લ - ટી.વાય.બી.કોમ. - રૂા. ૧૦૦૦/-

૩) હરિકૃષ્ણ જાજલ - ટી.વાય.બી.કોમ. - રૂા. ૭૫૦/-

આ ઇલોક્યુશનમાં નીચેના મહાનુભાવોએ નિર્ણાયક તરીકેની ફરજો બજાવી હતી.

૧) ડૉ. એલ. પી.જોષી, આચાર્ય, બોરસદ કોમર્સ કોલેજ

૨) ડૉ. સોનલદે દેસાઇ, વી. પી. સાયન્સ કોલેજ

૩) પ્રો. સજના પિલ્લાઇ, સી. પી. કોમર્સ કોલેજ, આણંદ

આ જ કોલેજમાં તા. ૨૯-૧૨-૨૦૧૦ને બુધવારે ડાયમન્ડ જ્યુબીલી વર્ષની ઉજવણી પ્રસંગે **બેસ્ટ સ્પીકર ઑફ બીજેવીએમ ફોર બી.કોમ. એન્ડ બીબીએ** સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાનો વિષય હતો **''અપરિપકવ લોકશાહીનાં ફળ ભ્રષ્ટાચાર સ્વરૂપે ભારતની પ્રજા ભોગવી રહી છે''**.

આ સ્પર્ધાના વિજેતાઓ હતા :

૧) બેસ્ટ સ્પીકર ઑફ બી.કોમ. - ભૌતિક શુક્લ - ટી.વાય.બી.કોમ.

૨) બેસ્ટ સ્પીકર ઑફ બીબીએ - સરલ પટેલ - એફ.વાય.બીબીએ

૩) ઓવરઓલ દ્વિતીય - હરિકૃષ્ણ જાજલ, ટી.વાય.બી.કોમ.

આ સ્પર્ધામાં પ્રો. દત્તુગીરી ગોસ્વામી (કણજરી), પ્રો. શારદાબેન જોષી (હોમસાયન્સ કોલેજ) અને પ્રો. આશુતોષ યાજ્ઞિક (આણંદ કોમર્સ કોલેજ)એ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

➤ **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ,** આણંદ દ્વારા આયોજીત **સ્વર્ણિમ ગુજરાત જિલ્લા કક્ષા વક્તૃત્વ સ્પર્ધામાં** આણંદ કોમર્સ કોલેજની ટી.વાય.બી.કોમ.-અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શિવાંગી કે. શુક્લએ **''ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણનું બદલાતુ જતું સ્વરૂપ''** વિષય પર ધારદાર રજૂઆત કરીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અભિનંદન.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ,** આણંદ દ્વારા તાજેતરમાં સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ની ઉજવણીના પરીપ્રેક્ષ્યમાં આણંદ જિલ્લાની વિવિધ કોલેજો વચ્ચે **કાવ્ય પઠન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૨ સંસ્થાઓએ ભાગ લીધો હતો, જેમાંથી;

પ્રથમ - પુનિતા ડી. રાજપુરોહિત, આણંદ કોમર્સ કોલેજ

દ્વિતીય - ઇમ્તિયાજ ડી. ઘાંચી, વેમેડ કોલેજ ઑફ એજ્યુકેશન અને તૃતીય - ઝલક ડી. પટેલ, નલિની અરવિંદ આર્ટ્સ કોલેજને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં અશોકપુરી ગોસ્વામી અને મેઘાબેન મિસ્ત્રીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

➤ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદમાં તાજેતરમાં **વુમન સેલ અંતર્ગત** આણંદ એજ્યુકેશન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વર્મલા ટી. ભમ્વરીનું **શૈક્ષણિક વ્યાખ્યાન** યોજવામાં આવ્યું હતું. આજની પરિસ્થિતિમાં સ્ત્રીઓનું સ્થાન તેમજ સ્ત્રીઓની મુશ્કેલીઓથી પ્રશિક્ષણાર્થીઓને માહિતગાર કર્યા હતા. બાલિકા બચાવ આંદોલનની શરૂઆત સ્ત્રીએ પોતાનાથી જ કરવી જોઇએ તેવી વાત વહેતી મૂકી હતી.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ**માં તા. ૨૮-૧૨-૨૦૧૦ના રોજ કરીયર ડેવલપમેન્ટ સેન્ટર (સી.ડી.સી.) દ્વારા એક સર્જનાત્મક કાર્યક્રમ કરવામાં આવ્યો. ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.ડી.સી.ના અન્વયે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં રોજગારીની તકો અને ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ અંગેની માહિતી આપવામાં આવી હતી.

ડૉ. ડેવિડ સાહેબે વિદ્યાર્થીઓને IAS, IPS, બેંક, ઇન્સ્યોરન્સ, વગેરેમાં UPSC અને GPSCની પરીક્ષા માટે કેવી રીતે તૈયારી કરવી, તેની કેવી જરૂરિયાતો છે, તેના માહિતી કેન્દ્રો, પરીક્ષાના કેન્દ્રો વગેરેનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

➤ સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** વલ્લભ વિદ્યાનગર ખાતે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અને કોલેજના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે કોલેજ પરિવાર દ્વારા તૈયાર

કરાયેલ **''વિદ્યા પંછી'' અંકનું વિમોચન** તાજેતરમાં આણંદની એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના પ્રાચાર્યશ્રી (ડૉ.) ડી. યુ. પટેલના વરદ્ હસ્તે યોજવામાં આવેલ. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતાં સંસ્થાના વડા પ્રિ. (ડૉ.) નાથુભાઇ આર. પટેલે જણાવ્યું કે આવા પ્રકાશનોથી કેટલીક ગર્ભિત શક્તિઓનું પરિમાર્જન કરવાની તક મળે છે.

આભાર દર્શન ડૉ. મંજુલાબેન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. દિપાલીબેન એ. મહિડાએ કર્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના **એન.એસ.એસ. વિભાગ દ્વારા** તા. ૧૬-૧૨-૨૦૧૦ના રોજ **વૃક્ષારોપણ કાર્યક્રમ** આણંદ મ્યુનિસિપાલિટીના સહયોગથી યોજવામાં આવ્યો. જેમાં આણંદ કોમર્સ કોલેજના પટાંગણમાં વૃક્ષો વાવવામાં આવ્યા તેમજ આણંદ-વિદ્યાનગર રોડ પર રોડ-ડિવાઇડરની જગ્યામાં હરિયાળા વૃક્ષો વાવવામાં આવ્યા. જેમાં ફેન્ટા, પલાશ, લિમડો, કણજી વિગેરે વૃક્ષોના રોપા વાવવામાં આવ્યા.

➤ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદમાં **એન.એસ.એસ.ની ખાસ શિબિર**નું આયોજન તાજેતરમાં મલાતજ ગામે કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. અંતર્ગત ગ્રામ સફાઇ, મફત નેત્ર નિદાન અને ચશ્મા શિબિર, બ્લડ ડોનેશન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, વ્યસનમુક્તિ પર્યાવરણ જાગૃતિ અને એઇડ્સ જાગૃતિ અંગે સૂત્રોચ્ચાર સહિત રેલી, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મુલાકાત એમ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ શિબિરનું સફળ સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી વિનોદ એસ. પરમાર અને શ્રી અનિરૂદ્ધ કે. ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના **એન.એસ.એસ.** વિભાગ દ્વારા **વાર્ષિક શિબિરનો સમાપન સમારંભ** તાજેતરમાં યોજવામાં આવ્યો. જેમાં અધ્યક્ષ સ્થાને ડૉ. આર. પી. પટેલ (માનદ્ નિયામકશ્રી, આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ, આણંદ) તેમજ અતિથી વિશેષ તરીકે મહંત સ્વામીજી સત્યાનંદગિરીજી માતાજી (શ્રી વિશ્વગાયત્રી ગુરુમઢી આશ્રમ, કાસોર) ઉપસ્થિત રહ્યા હતા.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ** દ્વારા ૩૧મી ડિસેમ્બરની સમાજને ઉપયોગી બનાય તેમ જ આજના યુવાનોને નવી શીખ મળે તેવા ઉમદા હેતુથી તા. ૩૧-૧૨-૨૦૧૦, શુક્રવારના રોજ **રકતદાન શિબિર તથા થેલેસેમીયા ટેસ્ટ**ના કાર્યક્રમ દ્વારા નવતર રીતે ઉજવણી કરવામાં આવી હતી. એમાં ૩૭ જેટલા વિદ્યાર્થીઓએ રકતદાન કરી સામાજીક જવાબદારી અદા કરી હતી અને સાથે સાથે ૮૮ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હતો.

➤ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન અને ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ,** આણંદમાં તાજેતરમાં રેડ ક્રોસ દ્વારા **'બ્લડ ડોનેશન'**ના કાર્યક્રમનું આયોજન શ્રી વિનોદ પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એન.એસ.એસ. હેઠળ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત પ્રશિક્ષણાર્થીઓના બ્લડ ગ્રુપનું ચેકીંગ કરવામાં આવ્યું હતું અને ૨૨ જેટલા પ્રશિક્ષણાર્થીઓએ રકતદાન કર્યું હતું.

➤ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** વલ્લભ વિદ્યાનગરની પ્રશિક્ષાર્થીની **કુ. દર્શિતા મહિડા**એ તાજેતરમાં યોજાયેલા સ્વર્ણિમ ખેલ મહાકુંભઃ૨૦૧૦ રમત ગમત સ્પર્ધા અંતર્ગત **સ્વર્ણિમ ખેલ મહાકુંભ - વોલીબોલ સ્પર્ધામાં** નડિયાદની ટીમમાં **ભાગ લીધો** હતો. જેઓએ નગરપાલિકા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક મેળવી સરકારશ્રી તરફથી રૂા. ૩૦૦૦નું ઇનામ પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત તેમણે તા. ૮-૧૨-૨૦૧૦થી તા. ૧૨-૧૨-૨૦૧૦ દરમિયાન સુરત ખાતે યોજાયેલા વોલીબોલ સ્ટેટ સ્પર્ધામાં ભાગ લઇ કોલેજ પરિવારનું ગૌરવ વધારેલ છે.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ**માં આચાર્યશ્રી એન. એલ. સંઘવીના પ્રમુખ સ્થાને તા. ૨૪-૧૨-૨૦૧૦ને શુક્રવારે **ગ્રાહક સુરક્ષા દિવસ** ઉજવાઇ ગયો. ગ્રાહક સુરક્ષા અવેરનેસ વિશે પ્રિ. એન.એલ. સંઘવીએ ઉદ્‌બોધન કર્યું. નવજાગૃતિ ગ્રાહક સુરક્ષાના ઉપપ્રમુખ અને બી.જે.વી.એમ.માં સ્વર્ણિમ ગુજરાતના કો-ઓર્ડિનેટર ડૉ. એસ.જી. પટેલે ગ્રાહક સુરક્ષા વિશે ઉદાહરણો આપી ડીસ્ટ્રીક્ટ ફોરમ, સ્ટેટ કમિશન અને નેશનલ કમિશન વિશે માહિતી આપી હતી. પ્રો. એન. એસ. પરમારે વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષાના નિયમોની જાણકારી આપી હતી. પ્રો. જે.પી. પરમારે આભારવિધિ કરી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૨૭-૧૨-૨૦૧૦ના રોજ કોલેજના **એન.એસ.એસ. વિભાગ દ્વારા ''જાગો ગ્રાહક જાગો'' વિષય પર વ્યાખ્યાન** યોજાયું. મુખ્ય વકતા તરીકે બી.જે.વી.એમ. કોલેજના પ્રોફેસર ડૉ. એસ.જી. પટેલ તથા અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રિ. પી.બી. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વકતા ડૉ. એસ.જી. પટેલે પ્રવર્તમાન ગ્રાહક સુરક્ષા અંગેના નિયમો, કાયદાની જોગવાઇઓ વગેરે વિષે માહિતીસભર વ્યાખ્યાન આપ્યું, તેમજ ગ્રાહક તરીકે કઇ તકેદારી રાખવી જોઇએ તેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપી હતી.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ **નાતાલની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન પદે આશીર્વાદ યુવામિશન, નડિયાદના એસ્તરબેન અને તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તાજેતરમાં **'એલ્યુમની મીટ'- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન** યોજવામાં આવ્યું હતું.

કો-ઓર્ડિનેટર ડૉ. પ્રીતિ લુહાના અને ડૉ. સુવશ્રી દાસના સહીયારા પ્રયાસથી સંમેલનને સફળતા મળી હતી.

આ જ કોલેજમાં તાજેતરમાં બીબીએ, બીસીએ, બીબીએ-આઈટીએમ, બીકોમના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓની **વાલી મીટીંગ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના **એન.એસ.એસ. વિભાગ દ્વારા** તા. ૧૮ અને ૧૯-૧૨-૨૦૧૦ના રોજ આંતરરાષ્ટ્રીય આયુર્વેદ ફાઉન્ડેશન અને પી.સી.ટી. દ્વારા આયોજીત હેલ્થ કેર યુનિટ કાર્યક્રમ-નંદભૂમિ, આણંદમાં **શ્રમયોગદાન** પુરુ પાડવામાં આવ્યું. જેમાં કોલેજના એન.એસ.એસ.ના કુલ ૩૧ શિબિરાર્થી સ્વયંસેવકોએ હાજર રહી વિવિધ પ્રકારની શ્રમસેવા કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન ઑફ આયુર્વેદ એન્ડ પી.સી.ટી.ના પ્રમુખ ડૉ. જયદત્ત વ્યાસ તથા નિખિલ રાજગુરુ (સભ્ય) દ્વારા થયું હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ**માં તાજેતરમાં સ્વર્ણિમ-નિર્મળ ગુજરાત અંતર્ગત **સફાઇ ઝુંબેશ** કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

On 5th January, 2011, **Sardar Patel University Teachers' Association (SPUTA) felicitated retired teachers** of Sardar Patel University at Chemistry Department's Auditorium. The President of SPUTA, Prof. N.K. Patel welcomed and introduced the guests in the beginning of the function. Dr. N. L. Ved of Gujarati Department and Dr. Tarulataben Shah of Chemistry Department shared their feelings on this occassion. Honourable Vice-Chancellor of our University Dr. Harish Padh felicitated retired teachers and addressed the members. The Secretary - Dr. R. M. Rathod proposed a vote of thanks.

## Governance

**ડૉ. જયપ્રકાશ એમ. ત્રિવેદી** (પ્રૉફેસર એન્ડ હેડ, સમાજશાસ્ત્ર વિભાગ)એ સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૧૦ના સમયગાળા દરમ્યાન ઇમ્ફાલ (મણીપુર), ન્યુસરચીપ (મીઝોરમ), દાવનગીર (કર્ણાટક), ભંડારા અને ચીમુર (મહારાષ્ટ્ર) તથા હલ્દવાની અને મનીલા (ઉત્તરાખંડ) ખાતે આવેલી કોલેજોની **NAAC Peer Team**ના **મેમ્બર તથા મેમ્બર કો-ઓર્ડીનેટર તરીકે મુલાકાત** લઇ એક્રીડીએશન અને રીએક્રીડીએશન કામગીરીમાં ભાગ લીધો.

**યુ.જી.સી., નવી દિલ્હીએ ૧૧મી પંચવર્ષીય યોજના ઉપરાંત આપણી યુનિવર્સિટીને ૧૦૦.૦૦ લાખ રૂપિયાની એડિશનલ ડેવલપમેન્ટ ગ્રાન્ટ મંજૂર કરી છે.**

**What are the Seven Secrets of Success - I found the Answers in My Office:**

| | | |
|---|---|---|
| 1. | Fan Said | - Be Cool |
| 2. | Root Said | - Aim High |
| 3. | Window Said | - See the World |
| 4. | Clock Said | - Every Minute is Precious |
| 5. | Mirror Said | - Reflect Before You Act |
| 6. | Calender Said | - Be Up-to-Date |
| 7. | Door Said | - Push Hard for your Goals |

*...continued from page 1*

is money'. Moreover, the cost of equipments is also reducing to nothing day by day. Today we get voice call, voice msg, texting, mms, email, music, video, photography, recording and almost unlimited storage inside an affordable small pocketsize equipment. We are becoming more dependent and less dependable. If you tell somebody to calculate, he has to open a calculator, if you ask today's agenda, he needs to open task manager, you ask the meaning of a term he has to google, you ask where you are, he opens the GPS. When you don't ask anything, he is playing a game or smsing. We may not have reached the stage of our enslavement by technology, we may be far away from it, but it seems that we are willingly rushing towards it. Our journey from need to enslavement has begun. Wake up and wake everyone up, before all of us forget, technology and man, who is for whom?

**- Ujjval Trivedi**

## વર્ષ ૨૦૦૯-૧૦માં યુનિવર્સિટી પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને વિવિધ પારિતોષિકો જાહેર કરાયાં

| ક્રમ | પારિતોષિક | વિદ્યાર્થીનું નામ | કોલેજ/ડીપાર્ટમેન્ટ/શાખા |
|---|---|---|---|
| ૧. | ''સ્વ. પ્રો. એમ. એસ. જોષી પારિતોષિક'' **(એમ.એસસી. ભૌતિકશાસ્ત્ર)** | ૧. અમીત ભગુભાઇ પટેલ | અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ |
| ૨. | ''સ્વ. હરિભાઈ જી. દેસાઈ મેમોરીયલ એજ્યુકેશન ટ્રસ્ટ પારિતોષિક'' **(એમ.એડ.)** | ૧. શ્રી મનીષ નંદકિશોર ગુપ્તા | અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ |
| ૩. | ''શ્રીમતી ઈલા ગોન્સાલ્વિસ પારિતોષિક'' **(એમ.એસસી.-બાયોસાયન્સીસ)** | ૧. દિવ્યાંગી જયંતીભાઇ પટેલ | અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગ |
| ૪. | ''પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર'' **(બી.એસસી.-ફાઈનલ)** | ૧. કુ. પ્રિયાબેન ભોગીલાલ પટેલ | એ. એમ. કોલેજ ઑફ સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદ |
| | | ૨. શ્રી ભૃગેશકુમાર ગીરીશભાઇ પટેલ | એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ |
| | | ૩. કુ. રિચા ભરતભાઇ પટેલ | એન.વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૪. કુ. હેમાક્ષી અરૂણભાઇ રાવલ | પી. એમ. પટેલ કોલેજ ઑફ પેરા મેડીકલ સાયન્સ, આણંદ |
| | | ૫. કુ. હિમાનીબેન કનકસિંહ રાઉલજી | વી.પી અને આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ વલ્લભ વિદ્યાનગર |
| ૫. | ''પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર'' **(એમ.એસસી.-બાયોસાયન્સીસ)** | ૧. કુ. નિધિબેન રમેશભાઇ ઠાકર | બાયોકેમેસ્ટ્રી શાખા |
| | | ૨. કુ. મોનિકાબેન કાળીદાસ પટેલ | બોટની શાખા |
| | | ૩. કુ. સરલા સાવલિયા | માઇક્રોબાયોલોજી શાખા |
| | | ૪. કુ. મોના વાજપાઇ | બાયોટેકનોલોજી શાખા |
| | | ૫. દિવ્યાંગી જયંતીભાઇ પટેલ | ઝુલોજી શાખા |
| ૬. | ''જર સાવક માદન (નવસારી) માનસશાસ્ત્ર પારિતોષિક'' **(એમ.એ.-માનસશાસ્ત્ર)** | ૧. શ્રી સંજયકુમાર જુવાનસિંહ પટેલ | અનુસ્નાતક માનસશાસ્ત્ર વિભાગ |
| ૭. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતીલાલ ભટ્ટ (જુનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(એમ.એ.-સંસ્કૃત)** | ૧. શ્રી નરેશભાઇ ગતુજી વણઝારા | અનુ. સંસ્કૃત વિભાગ |
| | | ૨. શ્રી પરેશકુમાર ગણપતલાલ પારેખ | અનુ. સંસ્કૃત વિભાગ |
| | | ૩. કુ. હેતલબેન પ્રવીણભાઇ ગઢવી | શ્રી જે.એમ. પટેલ ઈન્સ્ટિ. ઑફ પી.જી. સ્ટડીઝ અને રિસર્ચ ઈન હ્યુમિનિટીઝ, આણંદ |
| | | ૪. કુ. જાગૃતિબેન મહેન્દ્રસિંહ મહિડા | અનુ. સંસ્કૃત વિભાગ |
| | | ૫. શ્રી જયેશકુમાર રણછોડભાઇ પટેલ | અનુ. સંસ્કૃત વિભાગ |
| ૮. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતીલાલ ભટ્ટ (જુનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(ટી.વાય.બી.એ.-સંસ્કૃત)** | ૧. કુ. રિકીતાબેન રમેશભાઇ મહિડા | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૨. શ્રી અજીતસિંહ રણજતસિંહ પરમાર | શ્રી ભીખાભાઇ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૩. કુ. નિલમબેન ગુણવંતભાઇ પારેખ | શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૪. શ્રી રઘુવિરસંહ દિલિપસિંહ રાજ | એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૫. શ્રી વિપુલકુમાર કાલાભાઇ વણકર | એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |

| | | | |
|---|---|---|---|
| ૯. | ‘‘સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતીલાલ ભટ્ટ (જુનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક’’ **(એસ.વાય.બી.એ.-સંસ્કૃત)** | ૧. શ્રી જયેશકુમાર અમીચંદ ચાવડા<br>૨. કુ. લેખા વામનનાથ શુક્લા<br>૩. શ્રી પ્રવીણકુમાર કાલુભાઇ બારીયા<br>૪. શ્રી અરવિંદભાઇ જેઠાભાઇ તળપદા<br>૫. કુ. ધારૂલબેન ઈશ્વરભાઇ પટેલ | શ્રી ભીખાભાઇ આર્ટ્સ કોલેજ, આણંદ<br>આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ<br>શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ<br>એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ<br>એન.એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ વલ્લભ વિદ્યાનગર |
| ૮. | ‘‘પ્રો. ભક્તિનાથ ગિરીન્દ્રનાથ શુક્લ પારિતોષિક’’ **(એમ. એ.-સંસ્કૃત)** | ૧. શ્રી નરેશભાઇ ગતુજી વણઝારા | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| ૯. | ‘‘શ્રી દેવજીભાઇ કાનજીભાઇ રેણુકા સ્મૃતિ પારિતોષિક’’ **(બી. એ.-ગુજરાતી)** | ૧. અલ્પાબેન જગદીશભાઇ પ્રજાપતિ | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| ૧૦. | ‘‘ડૉ. એન. એ. થુથી પારિતોષિક’’ **(એમ. એ.-સમાજશાસ્ત્ર)** | ૧. અંકિતાબેન ભૂપેન્દ્રભાઇ પટેલ | અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ |

## PANEL DISCUSSION - NEW INITIATIVE IN EDUCATION

**Christian College of Management Studies,** Anand managed by the Gujarat Christian Service Society, Ahmedabad organized an **Inter College Level Panel Discussion** in association with Indian Commerce Association (Gujarat Chapter) and Divya Bhaskar-as a media partner on January 7, 2011 Friday. The theme of the discussion was '**Media, Society and Business - a Corporate Point's of View**'.

More than 400 participants from fourteen different colleges affiliated with Sardar Patel University took part in this Panel Discussion. The President of the function was Mr. Wallace Christian, Chairman of the College Committee, Chief Guest of the function was Dr. Harish Padh, Hon. Vice-Chancellor of the Sardar Patel University and the Guest of Honor was Shri N.L. Sanghavi, The President of ICA (Gujarat Chapter) and I/c Principal-BJVM College honored the dias.

On Media Panel Mr. Deepak Ashar-Editor, Divya Bhaskar, Anand, Ms. Ayesha Khan-Senior Assistant Editor, The Indian Express executed as Panel Experts, Dr. V.S. Lall-International renowned Agricultural Scientist and Mr. Sharad Amin-Chairman, High Speed Turbo Pvt. Ltd. were present on the society panel. Mr. H.C. Shah - Vice-President (Finance), ELECON Engineering Co. Ltd executed as a business expert, offered his valuable time on corporate panel. As per the format of the Panel Discussion the quite exigent role of the Moderator played by Prof. Hari Desai-Director, CVM's CERLIP and ILSASS, V. V. Nagar.

At the initial stage, a well-known agricultural scientist and counselor Dr. V.S. Lall and commented upon Media in the context of present time and occurrences. In her keynote address Ms. Ayesha Khan, Senior Asst. Editor of the Indian Express focused on the recent 2G-spectrum controversy infamously called as Radia Gate/Media Gate. She pointed out how do newspapers survive and its role in challenging surroundings. She also explained in detail Nira Radia-as a lobbyist of corporate. She also suggested that, we should use sources and not the sources use us. She had analyzed the issues against the fourth power-Media.

The honourable Prof. Harish Padh, Hon. Vice-Chancellor of Sardar Patel University commented that, the news about the Sardar Patel University is not given desired preference in known newspapers. He suggested media to play an appropriate role in present time and increase awareness amongst society.

During the programme of Panel Discussion Mr. Deepak Ashar from Divya Bhaskar, Ayesha Khan, Senior Asst. Editor of the Indian Express, Prof. Hari Desai, Director of CERLIP and ILSASS, Mr. H.C. Shah, Vice-President (Fin.), ELECON Engineering Co. Ltd., Mr. Sharad Amin of High Speed Turbo Pvt. Ltd. and other experts interacted with the students and discussed on said areas with participants with practical examples and satisfactorily answered the questions and queries of the participants.

## 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત પુસ્તક પરિચય શ્રેણી

તમે આ પુસ્તક જોયું ?

*'સફળતા કોઈનો ઈજારો નથી.'* - ડૉ. સુરાણી

'સફળતા એ કોઈ અકસ્માત નથી પણ વ્યક્તિએ પ્રયત્નપૂર્વક પોતાના માટે પાડેલી રોજિન્દી આદતોનું ફળ છે- જીવન સાફલ્યની અદભુત કૂંચીઓ ધરાવતું આ પુસ્તક વસાવવા જેવું, વાંચવા જેવું, ચિંતનીય અને મનનીય છે.'

ક્રિએટર્સ પ્રકાશક દ્વારા પ્રકાશિત આ પુસ્તક www.creatorsindia.com વેબ સાઈટ તથા info@creatorsindia.com થી પ્રાપ્ત કરી શકાય.

ડૉ. સુરાણી વ્યવસાયે ડૉક્ટર હોવાથી આ પુસ્તકનો આધાર મનોવિજ્ઞાન છે. Knowing is knowing and doing is doing. એ ન્યાયે જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી લાભદાયી પરિણામો પ્રાપ્ત થઈ શકે. મુશ્કેલીઓથી હારી જવા કરતાં મુશ્કેલીઓને જોવાની દ્દષ્ટિ બદલી નાખવાથી મનુષ્ય સફળતાને વરે છે. સતત કરેલી મહેનત આપણને લક્ષ્ય સુધી લઈ જાય છે. ત્યારે લોકો આપણને નસીબદાર ગણે છે. લેખક સફળતાને બદલે સાર્થક જીવનની ચાવી આ પુસ્તકમાં દર્શાવે છે.

પુસ્તકમાં સફળતા મેળવવા હકારાત્મક વલણ કેવી રીતે કેળવી શકાય તે દ્દષ્ટાંત કથાઓના આધારે લેખકે વૈજ્ઞાનિક ઢબે રજૂ કર્યું છે. જે વાંચતા જ રસ પડે તેવું છે. હકારાત્મક વલણ સાથે કાર્યતત્પરતા, શીખવાની વૃત્તિ, કાર્યનિષ્ઠા તથા નકારાત્મકતાથી દૂર રહી જવાબદારીપૂર્વક કાર્ય કરવાથી સફળતા કેવી રીતે પ્રાપ્ત થાય તેની અદ્‌ભુત રીત વર્ણવી છે.

સ્પષ્ટ નિર્ધારિત લક્ષ્યોને કેવી રીતે પાર પાડી શકાય, તેની સમયપત્રક સહિત માહિતી રસપ્રદ છે. નિષ્ફળતાનો ડર, મહત્ત્વાકાંક્ષાનો અભાવ અને પોતાની જાત પ્રત્યે નીચો અભિપ્રાય, થાય છે, થશેની નીતિ, લક્ષ્યનું અજ્ઞાન વગેરે બાબતો નિષ્ફળતા તરફ કેવી રીતે દોરી જાય છે તેની સરસ સમજ આપી છે.

સફળતા માટે આયોજન અને અમલીકરણ કેટલું જવાબદાર છે તે પણ પુસ્તકમાં આવરી લીધું છે. આયોજન કરવામાં નિષ્ફળ જવું એટલે નિષ્ફળતાનું આયોજન કરવા બરાબર છે. તથા સમયનું મહત્ત્વ સમજાવ્યું છે - ''जो कल करे सो आज कर, आज करे सो अब... ।'' એ પણ સફળતાનું જ રહસ્ય છે. શું તાકીદનું છે ને શું મહત્ત્વનું છે તેની વાત પણ સોદાહરણ રજૂ કરી છે. જીવનમાં પ્રોત્સાહન અને લચીલાપણું પણ કેટલું બધું મહત્ત્વનું છે તે પણ આ પુસ્તકથી સમજાય છે. સાતત્ય પણ જીવનને ઘડે છે, અને સફળતા અપાવે છે. ''ચડતાં જાળ કરોળિયો ભોંય પડી પછડાય, વણ તૂટેલે તાંતણે ઉપર ચડવા જાય.''- વાળી પંક્તિ સાર્થક થાય છે. આપણે આપણી પ્રકૃતિ બદલી શકીએ છીએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે લક્ષ્યો જરૂરી છે. સમયના આયોજનથી તથા 'સ્વ'ને બદલવાથી સફળતા જરૂર પ્રાપ્ત થાય છે. નકારાત્મક વલણ ધરાવતા વ્યક્તિઓને આ પંક્તિઓ ભેટમાં અર્પણ કરવા જેવી છે -

સોચ કો બદલો સિતારે બદલ જાએંગે,<br>
નજર કો બદલો નજરા બદલ જાએંગે,<br>
કશ્તિયોં કો બદલને કી જરૂરત નહીં,<br>
દિશાઓં કો બદલો કિનારે બદલ જાએંગે.

- પ્રા. મહેશ ઉપાધ્યાય<br>
શ્રી આઈ. જે. પટેલ બી. એડ્. કોલેજ, મોગરી


### Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : ₹ 10.00 | Faculty & Staff : ₹ 200.00 |
| Others | : ₹ 15.00 | Institutions & Individuals : |
| Institutions | : ₹ 100.00 | ₹ 500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

### Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**


Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar – 388 120, Gujarat – India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.